

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

**ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર**

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 3, JUNE 2018 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual



## કેવળભાઈ જરીવાળા

આર્યસમાજ સુરતને ભૂ. પૂ. પ્રમુખ, મંત્રી, ખજાનચી તરીકે તન-મન-ધનથી સેવા આપનાર. વાનપ્રસ્થી જેવું જીવન જીવનાર પ્રવાસી પ્રચારક. હંમેશા પોતાની સાથે વૈદિક સાહિત્ય અને મુખવાસ રાખતા અને જે કોઇ મળે અથવા પોતે જ કોઇને મળવા જાય તે તમામને તેઓ પ્રસાદીરૂપે ભેંટ આપતા. આર્ય વિદ્વાનો, સંન્યાસીઓનો પ્રેમભાવે સત્કાર કરતા. પોતાના સંતાનો મનુભાઇ અને મંગુભાઇને ગુરુકુળનું શિક્ષણ આપેલ. તેઓએ સુરત ચેમ્બર ઓફ કોમર્સ, સુરત જરી વેપારી મંડળ, સુરત જરી ગુડ્સ સોસાયટી, સુરત વીવર્સ કો. ઓ. સોસાયટી, પાટીદાર સમાજ વગેરે સંસ્થાઓને સેવા આપી હતી.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધઃ (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૩, જૂન - ૨૦૧૮
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલનં.: ૯૮૨૪૦ ૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઈલનં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલનં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક : રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम्।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः॥

આ આખુ જગત સૃષ્ટિની પૂર્વે પ્રલયમાં અંધકારથી આવૃત=અચ્છાદિત હતું... તે સમયે જગત કોઈના જાણવા યોગ્ય ન હતું, તર્કમાં આવવા લાયક ન હતું અને પ્રસિદ્ધ ચિહ્નોથી યુક્ત ઇન્દ્રિયો વડે જાણવા યોગ્ય ન હતું અને હશે પણ નહીં. કિન્તુ વર્તમાનમાં જાણવામાં આવે છે અને પ્રસિદ્ધ ચિહ્નો થી યુક્ત જાણવાને યોગ્ય હોય અને યથાવત્ ઉપલબ્ધ છે. બધી બાજુઓથી જોતા સૂતેલ હોય એમ પડેલું હતું

૫(૫)

## અનુક્રમણિકા

આધ્યાત્મિક ચિંતન ૪
વૈદિક ઉપદેશ ૫
અરબમાં વેદ પ્રચાર ૯
અંધવિશ્વાસ નિવારણ ૧૪
પિતૃ નડતર એક અજ્ઞાત ભય ૧૫
જિજ્ઞાસા સમાધાન ૧૮
બાળ વિભાગ ૨૦
**ગુજરાતનું ગતિશીલ આર્ય જગત**
પ્રાંતીયસભાનો સ્વાધ્યાય શિબિર ૨૪
આર્યવીર દળ પ્રાંતીય કક્ષાનો શિબિર ૨૬
સ્થાનીય આર્યવીર દળ શિબિર ૨૮
શ્રદ્ધાંજલિ ૩૧

આધ્યાત્મિક ચિંતન

# નવો સંસાર

– આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુની કૃપાથી સંસારમાં આપણને આ વખતે મનુષ્ય શરીર મળ્યું છે. સંસારમાં અનેક પ્રકારના નાના-મોટા, ઉચ્ચ-નીચ સ્તરના શરીર છે. મૂળભૂત રીતે આ સંસાર બધા આત્માઓ માટે એક સરખો હોવા છતાં પણ શરીર, સાધન વગેરેના ભેદથી એક જેવો નથી રહેતો. ગાયોનો સંસાર અલગ છે, કીડીઓનો અલગ છે, માછલીઓ, પક્ષીઓનો અલગ છે અને મનુષ્યોનો અલગ છે.

જન્મ થતાં જ આપણે સંસારને સ્પર્શ, શબ્દ, રૂપ વગેરે વિષયોના રૂપમાં જાણવા લાગીએ છીએ. સમયની સાથે આપતો પોત પોતાનો એક સંસાર બની જાય છે. આપણો જેની સાથે આપણાં સારા ખાટા-મીઠાં, કડવા અનુભવો થતા જાય છે અને તેનાથી સંબંધ કે વ્યવહાર જેની સાથે થતો જાય છે, તે આપણાં સંસારમાં જોડાતા જાય છે. જેનાથી આપણો સંપર્ક અને વ્યવહાર ઓછો થતા થતા બંધ થઈ જાય છે, તેઓ આપણાં સંસારમાંથી બહાર નીકળી જાય છે. આપણો સ્વયંનો એક અલગ સંસાર છે. આપણાં સુખ દુઃખ, હાનિ-લાભ, હિત-અહિત તેમાં જોડાયેલા રહે છે. આપણો પોત-પોતાનો બાહ્ય સંસાર છે.

બાહ્ય સંસારથી અલગ આપણો પોત પોતાનો આંતરિક સંસાર પણ હોય છે. માનસિક સ્તર પર, વૈચારિક સ્તર પર, જ્ઞાનના સ્તર પર. આપણા બાહ્ય સંસાર પરસ્પર જેટલી વિવિધતા છે, તેનાથી ઘણી વધારે વિવિધતા આંતરિક સંસારમાં હોય છે. એક સમાન બાહ્ય સંસારમાં રહેવા અને વ્યવહાર કરવાવાળાઓના પણ આંતરિક સંસાર પરસ્પર અત્યંત અલગ અથવા બિલકુલ વિપરીત હોઈ શકે છે. સૌની પોત-પોતાની માન્યતા છે, પોતાના વિચાર છે, પોતાના જ્ઞાન છે, દૃષ્ટિકોણ છે, જીવનના લક્ષ્ય અલગ અલગ બનેલા હોય છે. આપણે અલગ અલગ વ્યક્તિઓ અને વસ્તુઓને બીજાની અપેક્ષાથી અલગ દૃષ્ટિકોણથી જોઈએ છીએ. આપણે આ આંતરિક સંસાર અન્યોથી વિલક્ષણ હોય છે. તેમાં આપણાં પૂર્વજન્મના સંસ્કારોની ભિન્નતા પણ કારણ બને છે.

બાહ્ય સંસાર પણ આપણો પોતાનો છે અને આતંરિક સંસાર પણ આપણો પોત - પોતાનો છે, આપણે વધારે ખાનગી હોય છે, આપણે વધારે આત્મીય હોય છે, આપણો વધારે વ્યક્તિગત હોય છે. આપણને તે વધારે પોતીકો લાગે છે. આપણા બાહ્ય સંસારને વધારે લોકો જાણે અનુસંધાન પાના નં. ૧૭ પર




# અહિંસા

- આચાર્ય અભયદેવ વિદ્યાલંકાર O અનુવાદક : વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર

ઉદગાયમદિત્યો વિશ્વેન્ સહસા સહ ।
દ્વિષન્તં મહ્યં રંધયન્ મો અહં દ્વિષતે રધમ્ ।।
- ऋग्वेद १/५०/१३

આ વેદમંત્ર ઋગ્વેદના પ્રથમ મંડળના ૫૦મા સૂક્તનો છેલ્લો મંત્ર છે. આનો અર્થ આ પ્રમાણે છે. - '**આ આદિત્ય પૂરેપૂરા બળ સાથે ઉદય થયો છે.**' શું કરતો ઉદય થયો છે? - '**મારા માટે દ્વેષ કરનારા શત્રુનો નાશ કરતો, તેથી હું દ્વેષ કરનારનો કદી નાશ ન કરું.**' આ મંત્રનો છેલ્લુ પદ તો બધા ઉન્નતિ ઇચ્છનાર મનુષ્યોએ ગોખી રાખવું જોઇએ. '**મો અહં દ્વિતષતે રધમ્.**' (અહં) હું (દ્વિષતે) દ્વેષ કરનારનો (મા ઉ) કદી પણ ન (રધમ્) નાશ કરું. પરંતુ મનુષ્યના ચિત્તમાં શંકા પેદા થાય છે કે હું દ્વેષ રાખનારનો નાશ શા માટે ન કરું? જ્યારે તે મારા પ્રત્યે દ્વેષ રાખે છે. મને કષ્ટ આપે છે તો હું પણ તેને શા માટે કષ્ટ ન પહોચાડું? આ વાતનો ઉત્તર પહેલા ત્રણ પદોમાં આપ્યો છે.

હું એટલા માટે દ્વેષોનો નાશ ન કરું, કારણકે સંસારમાં એક આદિત્યનો ઉદય થયો છે - પૂરી શક્તિ સાથે તે ઉદય થયો છે. અને તે દ્વેષ કરનારાઓનો નાશ કરી રહ્યો છે. એ બતાવવાની જરૂર જ નથી કે આ પ્રકરણમાં તે આદિત્ય પરમાત્મા છે અને તેની પૂર્ણશક્તિ (વિશ્વ સહઃ) તેની શક્તિમત્તા છે. તે હિંસા કરનારનો નાશ કરે છે આ તેનો સ્વભાવિક ગુણ છે તો શા માટે દ્વેષ કરનારનો નકામો નાશ કરું ? કારણ કે જો તે દ્વેષ કરનારનો નાશ થવો જોઇએ તો તે કામ થઇ રહ્યું છે. હું તેને સજા કરવા માટે લાયક નથી. પરંતુ બદલો લેવો, પ્રતિહિંસા કરવી, કેવળ આ કારણને લીધે જ અયોગ્ય નથી. એટલું મોટું પાપ નથી. એ તો પોતાનો નાશ કરનાર છે, તેથી ભયંકર પાપ છે. નાશકારતા ચોખ્ખી છે, કારણ કે તે સર્વ શક્તિમાનનો ઉદય થયો છે અને તે દ્વેષ કરનારનો નાશ કરે છે. દ્વિષન્તં રંધયત્ તે હંમેશા છે. જો આપણે દ્વેષ કરીશું, પછી ભલેને આપણે બદલા માટે કરીએ અથવા પોતે શરૂ કરીએ, તે પોતાના સ્વાભાવિક ગુણને લીધે નાશ કરશે. એમ સમજવું કે જો હું દ્વેષ કરીશ તો મારો નાશ થશે નહિ, તો એ અંધારામાં રહેવા જેવી વાત છે. તેથી આપણે પ્રતિહિંસા એટલા માટે જ નહિ કરવી જોઇએ કારણકે એનાથી આપણો જ નાશ થાય છે. પરંતુ આપણે એ વાત સમજયા નથી. તેથી આપણને જો કોઇ ગાળ દે છે તો આપણે તેનાથી મોટી ગાળ દઇએ છીએ. જો કોઇ આપણને દુઃખ આપે છે તો આપણે તેને દાંત કચકચાવીને દુઃખ આપવા માંગીએ છીએ. જે આપણી કોઇ પણ જાતની હાનિ કરે છે, તેને આપણે મારી નાંખવા પ્રયત્ન કરીએ છીએ. કોઇ પૂરેપૂરા ન્યાય કરનારને પોતાની ઉપર ન

ઇશ્વરના પુત્રોનો એક સમુદાય બીજા સમુદાય સાથે લડી રહ્યો છે અને પછી એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રનો નાશ કરવા ઇચ્છે છે. કોઇ વખતે ભારતમાં હિન્દુ અને મુસલમાનો અંદર અંદર હિસા કરી રહ્યાં છે અને કયારેક મોટા રાષ્ટ્ર પ્રતિ હિંસાની ઇચ્છાથી આ પૃથ્વીને શત્રુના લોહીથી ખરડવા માંગે છે. આ બધું આ સંસારમાં શા માટે થઇ રહ્યું છે ? એટલા માટે કે આપણને આ વેદવચન ઉપર વિશ્વાસ નથી. વિશ્વાસ નથી કે સંસાર ઉપર કોઇ સર્વશિક્તિવાળી સત્તા રાજ્ય કરી રહી છે અનેતે દ્વેષ કરનારનો સદા નાશ કરી રહી છે. તેથી આપણે પોતે જ દ્વેષીને દંડ આપવાના બહાને પ્રતિહિંસામાં લાગી જઇએ છીએ અને એ વાત ભૂલી જઇએ છીએ કે આપણે જ આ કાર્ય દ્વારા સાચા શાસકની સજા ભોગવીએ છીએ અને આ રીતે પોતાનો નાશ કરી રહ્યા છીએ. સાચી વાત તો એ છે કે આ વિશ્વાસ વગર અહિંસક બનવું અસંભવિત છે. જેને પરમાત્માના ન્યાય ઉપર વિશ્વાસ નથી, તે કદી અહિંસાનું પાલન કરી શકતો નથી. આ હિંસાથી ભરેલા સંસારમાં જે કોઇ અહિંસાના ઉજ્જ્વળ પવિત્ર દૃશ્યો દેખાય છે, તેના મૂળમાં આ સત્ય વિશ્વાસ હોય છે. સંસારમાં ફસાયેલા મનુષ્યો કહે છે કે એવા કષ્ટ સહન કરવાથી કોઇ લાભ નથી, પરંતુ જે લોકો તે આદિત્યનો ઉદય થતો જોઇ રહ્યા છે તે એમની વાતને કેવી રીતે માની લે? તેમને તો દેખાય છે કે મનુષ્ય પ્રતિહિંસા (હિંસાના બદલામાં હિંસા) નથી કરતો, હિંસાને સહન કરતો જાય છે, તે પોતે પોતાને પરમાત્માની છત્રછાયામાં લઇ જાય છે, તે સર્વશક્તિમાનની સર્વ સર્વરક્ષક શરણમાં જાય છે. અને સાથે સાથે તે પરમાત્માનો અપરાધી પણ બને છે. તેમને તો એટલો મોટો તફાવત દેખાય છે તેથી તે શત્રુના પ્રહારને સહન કરવાનું જ પોતાના માટે અતિ કલ્યાણ કરનાર માને છે.

એટલું જ નહિ, તે એમ સમજે છે કે બીજાઓની હિંસા કરવી, તેમના વશમાં થઇ જવું છે અને બીજાઓને પ્રેમ કરવો, તેમને પોતાના વશમાં કરવાનું છે. રઘ ધાતુનો અર્થ વશમાં થવું એ પણ થાય છે. એમ નિરુક્તમાં કહ્યું છે. તો આ મંત્રનો અર્થ થાય છે કે - કારણ કે આદિત્ય વિશ્વસની સાથે, શત્રુને મારા વશમાં કરતો ઉદિત થઇ ગયો છે, તેથી હું શત્રુના વશમાં ન થાઉં. વેદના શબ્દોમાં કેટલું ગૂઢ રહસ્ય હોય છે. તેનો અહીં પણ એક દાખલો છે. તેથી આશા છે કે વાચકો એક જ શબ્દના હિંસા કરવી અને વશીભૂત થવુ આ બંને અર્થ કરવાનું સૌંદર્ય સમજાશે અને જાણી જશે કે હિંસામાં જ્યાં બીજાના વશમાં થઇ જવાનું હોય છે, ત્યાં અહિંસામાં કેટલી બધી મોટી શક્તિ બીજાઓને પોતાના વશમાં કરવાની છે અને જગતનું મહાન કલ્યાણ કરવાની છે.

તેથી જ સંસારના તે મહાપુરુષે, જે જગતમાં અહિંસા ધર્મની સ્થાપના માટે આવ્યો હતો અથવા સંસારમાં વધેલી હિંસાએ જેને બોલાવ્યો હતો તેણે (મારો આશય મહાત્મા ગાંધી પ્રત્યે છે) સન્ ૧૯૨૩ માં કહ્યું હતુ કે - જો બારડોલીના ભારતવાસીઓ શસ્ત્રો વગર ઊભા હોય અને તેમના ચિત્તમાં અંગ્રેજો

પ્રત્યે દ્વેષનો સહેજે ભાવ ન હોય, તેની જગ્યાએ હૃદયથી તેમની મંગલ કામનાઓ કરી રહ્યા હોય, તેના ઉપર અંગ્રેજી સરકારની ગોળીઓ વરસીને તેમનાં માથાં એવી રીતે ફોડતી હોય જેવી રીતે બાળકો ફટાફટ કાચા ઘડાને ફોડી નાખતા હોય, તે એ દૃશ્ય ભારત માટે જ નહિ પરંતુ આખા જગત માટે પરા પરમ સૌભાગ્યનો દિવસ હશે. એવું દૃશ્ય ચાહવાનું બળ તેમાં જ આવી શકે છે જગતમાં સર્વશક્તિમાન આદિત્યને કામ કરતો સાક્ષાત જોઇ રહ્યો છે. ખરેખર એવો દૃષ્ટા થોડી તોપ-બંદૂકોની સહાયના પ્રલોભનને ત્યજીને સર્વશક્તિમાનની જ અક્ષય સહાય ઇચ્છે છે. ભક્ત પ્રહ્લાદમાં આટલા દુઃખો સહન કરવાનું સાહસ હતું, લગાતાર અહિંસક રહેવાનું સાહસ હતું તો આ જ કલ્યાણકારી બળ ઉપર હતું. ઋષિ દયાનંદને જ્યારે જગન્નાથે ઝેર ખવડાવ્યું તો તેમને તેના ઉપર કરુણા ઉત્પન્ન થઇ, અંદરથી દયાનો ઝરો ફૂટયો. તેમણે તેને કહ્યું - ભલે તેં જે કંઇ કર્યું તે કર્યું, હવે તું અહીંથી જતો રહે. નહિ તો મારા ભક્તો તને હેરાન કરશે. ભાગી જવા માટે તેને પોતાની પાસેથી રૂપિયા આપ્યા. ઝેર ખાઇને તેમને ચિંતા એ થઇ કે જેણે એમને માર્યા છે તેનું રક્ષણ કેવી રીતે થાય, એમાં તે પોતાના મરવાની વાત પણ ભૂલી ગયા. તે વેદવચનને સમજનાર જ એવું કરી શકે છે. તે એકદમ વધારે આગળ છે કે જે અમારી હિંસા કરે, અમે તેની હિંસા ન કરીએ, એટલું જ નહિ પરંતુ તેનું ભલુ કરીએ. આ ઋષિ દયાનંદનો ઉપદેશ છે. ક્રોધના સ્થાને કરુણા ! મારનાર ઉપર પણ દયા! આખા જીવનમાં જે ગાળો સાંભળી, ઈંટ. પથ્થરનો માર ખાધો અને કોણ જાણે કેવા કેવા દુઃખો સહન કર્યા, એ બધી વાતો આપણને બીજો કયો ઉપદેશ આપે છે ? શું દયાનંદના શિષ્યો હિંસક હોવા જોઇએ ? બીજાનો બદલો લેનાર હોવા જોઇએ? દયાનંદને યાદ કરીને આપણે આપણા હૃદયોને એટલા વિશાળ બનાવવા જોઇએ કે આપણે પોતાને દુઃખ આપનાર પર દયા સિવાય બીજું કંઇ પણ ન કરી શકીએ. અવશ્ય એ જાણીને કે મારી હિંસા કરનાર અજ્ઞાની પરમાત્માના અટળ નિયમોનો શિકાર થશે, તે બિચારા ઉપર દયા જ રાખવી જોઇએ અને ક્રોધ કરીને તેને સજા ન કરવી જોઇએ. તેથી આ મહિનામાં આપણને વેદનો એ જ ઉપદેસ છે કે -

## હિંસા કરશો નહિ

હિંસા કરનારને પરમાત્મા માટે રહેવા દો. આપણે તો અલ્પજ્ઞ છીએ. ઘણી વખત તો આપણે પોતાની ભલાઇને પણ હિંસા માની લઇએ છીએ અને જો આવા સમયે પણ બદલો લેવા માંડીએ છીએ તો કેટલી બધી ભયંકર મૂર્ખતામાં પડી જઇએ છી. સર્વત્ર તે પરમાત્મા જ બધાંને બરાબર જાણે છે અને બધાને સદા યોગ્ય સજા કર્યા કરે છે. આ કામ તેનું જ છે. આપણે તો પોતાના હિસંકને પરમાત્મા ઉપર છોડીને પોતાના રક્ષણ માટે પણ પરમાત્માની શરણે જ જવું જોઇએ. પરંતુ તમે કદાચ કહેશો કે અમને તો વિશ્વાસ થતો નથી કે પરમાત્મા પાપની સજા કરે છે. દયાનંદ જેવા મહાત્માઓને એ વિશ્વાસ હતો, તેથી તે

અહિંસા આચરી શકતા હતા, પરંતુ એ યાદ રાખવું જોઇએ કે કોઇને પણ એવો એમને એમ થઇ જતો નથી. મહાત્માઓને પણ કરવાથી જ ધીમે ધીમે વિશ્વાસ થાય છે. તમે પણ અહિંસાનું પાલન શરૂ કરો, જે તમારા પ્રત્યે હિંસા કરે તેની પ્રતિહિંસામાં જવાબ આપશો નહિ. જો આ સત્ય છે તો થોડા સમયમાં તો એના ઉપર અવશ્ય વિશ્વાસ પેદા થઇ જશે. તે શ્રદ્ધાથી તમે વધારેને વધારે અહિંસક બની જશો અને ત્યારે તમારી શ્રદ્ધા પણ વધી જશે. એ તો બરાબર છે કે વ્યવહારમાં એ ખબર પડવી મુશ્કેલ હોય છે કે અમુક કામ હિંસા છે કે અહિંસા છે. એનો પ્રેરક ભાવ જોવો જોઇએ. જે કાર્ય આપણે ક્રોધમાં, બદલાના ભાવથી કરીએ છીએ, તે હિંસા છે. ક્રોધ એક વિકાર છે. તે જ કોઇ કર્મને હિંસા બનાવે છે. તે ક્રોધના વશમાં થવાનું નથી એ જ મુખ્ય વાત છે. ક્રોધનો ત્યાગ કરવાથી જ આપણે અહિંસક બનીશું. ખરેખર પરમાત્માની પ્રાપ્તિની દિશામાં જતા આપણે દિવસે દિવસે અહિંસક જ બનવું પડશે. કારણ કે બીજા બધા ગુણોની જેમ ભગવાન અહિંસાની પરાકાષ્ઠા છે. ધર્મોમાં અહિંસા તો પરમ ધર્મ છે. યોગશાસ્ત્રમાં યમનિયમની વ્યાખ્યા કરતી વખતે વ્યાસ ભગવાને કહયું છે કે અહિંસા આ બધાનું મૂળ છે. બીજા બધા ધર્મ તો અહિંસાને પોષણ આપવા માટે બનાવ્યા છે. ખરેખર એક ધર્મ અહિંસક છે. આ સત્યનું અહિંસાનું પાલન કરનારને જ ખબર પડી શકે છે. આશા છે આપણે આ પરમધર્મને આજથી પોતાના જીવનમાં લાવવા માટે સતત પ્રયાસ કરીને પોતાના જીવનને સફળ બનાવીશું.

# ધર્મનો ક્યારેય ત્યાગ ન કરવો

"મનુષ્યને યોગ્ય છે કે કામથી, એટલે અસત્યથી સિદ્ધિ થતી હોય અથવા નિંદા સ્તુતિ વગેરેના ભયથી અથવા લોભથી ધર્મનો ત્યાગ કદી નહીં કરવો. ચાહે અધર્મથી ચક્રવર્તી રાજ્યની પ્રાપ્તિ થતી હોય તથાપિ ધર્મને છોડી ચક્રવર્તી રાજ્ય કદી પણ ગ્રહણ કરવું નહીં. ભોજન, છાદન, જલપાન વગેરેની જીવિકા પણ અધર્મથી થતી હોય, અથવા તેને માટે પ્રાણ પણ જાય તો પણ ધર્મ ન છોડવો. કેમ કે જીવ અને ધર્મ નિત્ય છે અને સુખ દુઃખ અનિત્ય છે. અનિત્યને માટે નિત્યનો ત્યાગ કરવો એ અતીવ દુષ્ટ પુરુષનું કામ છે. ધર્મનો હેતુ જે શરીર તે પણ અનિત્ય છે. ધન્ય છે તે મનુષ્યને કે જે અનિત્ય શરીર અને સુખ દુઃખ વગેરે વ્યવહારોમાં વિદ્યામાન રહી ધર્મ કે જે નિત્ય છે તેનો ત્યાગ કદી પણ નથી કરતા."

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**-સહસંપાદક**

ગતાંકથી ચાલુ....

શાયેરાથી નીકળીને તમામ મોટરો સાંજે ખેલ પહોંચી ગઇ. અહીંથી મક્કા નજીક છે, આથી રાત્રે ત્યાં જ રોકાયા. બીજા દિવસે સવારે ઊઠીને બધાંએ એહરામ બાંધ્યો, કારણ કે મક્કાની હદ અહીંથી શરૂ થાય છે. મક્કામાં એહરામ બાંધ્યા વિના જવું એ ધર્મ સંગત નથી, જે ભારતીય મુસલમાનો જહાજમાં આવેલા છે, ત્યાંથી જ જહાજમાં બેસતા જ એહરામ બાંધવો પડે છે.

હું આપને એ જણાવું કે એહરામ શું છે? અહેરામ બે ધોતીઓનું નામ છે. જે સિલાઇ કર્યા વિનાના કાપડની હોય છે. એક ધોતિયું બાંધવું પડે છે. અને બીજું ઓઢવામાં આવે છે. માથા ઉપર કોઇ વસ્ત્ર રાખવામાં આવતું નથી. સુતા સમયે પણ માથું અને પગ ખુલ્લા રાખવા પડે છે. ગમે તેટલી ઠંડી હોય તો પણ આ નિયમનું પાલન કરવું પડે છે. જો કોઇ ભૂલથી પણ માથું કે પગ વસ્ત્ર વડે ઢાંકી લે તો તેણે દંડ ભરવો પડે છે. જે કફારહ નામે ઓળખાય છે. એહરામની અવસ્થામાં કોઇ વ્યક્તિ કોઇ પણ જીવની હત્યા કરી શકતી નથી, તે ત્યાં સુધી કે માથાની જૂ પણ ન મારી શકે. મેં પણ સ્નાન કરીને ગુરૂકુળના બ્રહ્મચારીઓ જેવું ધોતી પહેરી લીધું. સવારે મોટર રવાના થઇ અને બપોર સુધીમાં અમે મક્કા પહોંચી ગયાં.

બેતલ્લા અર્થાત્ અલ્લામિયાંનુ ઘર.
યા ખાના કાબાનું વર્ણન

મક્કા એક પહાડી નગર છે. તેની ચારેય બાજુ નાના-નાના પહાડ છે. બેતલ્લા કે ખુદાના ઘર કે જેને ખાના-કાબા કહેવામાં આવે છે. તેની પાસે અમે પહોંચ્યા તો મોટરમાંથી નીચે ઉતરી ગયા. ત્યાર બાદ થોડું ચાલ્યા અને ખુદાના ઘરે પહોંચી ગયા. ખાનાકાબા એટલે કે ખુદાનું ઘર મક્કાનગરની બરોબર વચ્ચે બનેલું છે. આ એક ખુલ્લુ મેદાન છે. એને ૧૬ બારણાં છે, જેની અંદર બધી બાજું ઓસરી છે. ઓસરીથી આગળ જતા એક ખુલ્લુ મેદાન છે જેમાં પથ્થરની નાની કપચી પાથરેલી છે. જેની ઉપંર હાજીઓ બેસે છે. આ મેદાનની બિલકુલ વચ્ચે બેતઅલ્લાહ એટલે કે ખુદાનું ઘર ખાનાકાબા બનેલું છે. ખુદાના ઘરમાં

જવા માટે બાબુસ્લામ નાખતા દરવાજામાંથી જવું પડે છે. હું એ દરવાજામાં થઈને અંદર ગયો અને ખાના-કાબા અર્થાત્ ખુદાના ઘરની નજીક પહોંચી ગયો. આ નાનકડા મકાનની ચારે બાજુ એક કાળું કપડું લાગેલું હોય છે, એના પર કુરાનની આયાતો લખેલી હોય છે, આ કપડાંને અરબીમાં કિસવાતલ્લાહ અર્થાત્ ખુદાના ઘરનો પોષાક કહે છે. પહેલા તો આ કાળું કપડું દર વર્ષે મિશ્ર (ઈજસપ્ત)થી ઊંટ ઉપર લાદીને લાવવામાં આવતું હતું, જેને અલમહમ્મલ કહે છે, પરંતુ હવે ઈબનસઉદે મિશ્રમાંથી આવવા - જવાનું બંધ કરી દીધું છે, હવે આ કપડું કિસવાતલ્લાહ મક્કામાંજ બને છે. મક્કામાં દારૂલકિસવાત અર્થાત્ પોષાકનું મોટું મકાન છે. એમાં બેસીને સિલાયકોટ (પંજાબ)ના મુસલમાનો દર વર્ષે આ ખુદાના ઘરનો પોષાક સીવે છે. જેનું તેઓને વાર્ષિક વેતન મળે છે. માત્ર એમને જ નહીં પરંતુ તમામ ભારતીય મોટર ડ્રાયવરો અને તમામ નજદો હજાજના સેવકોને વાર્ષિક વેતન મળે છે. સાપ્તાહિક કે માસિક વેતનની અહીં પ્રથા જ નથી.

ખાના-કાબાનો વધુ પરિચય જોઈએ તો ખાના-કાબાની ચારે બાજુ ચાર મુસલ્લા છે, જેના નામ છે - ૧. હન્ફી મુસલ્લા ૨. માલકી મુસલ્લા ૩. હનબલી મુસલ્લા અને ૪. શાફી મુસલ્લા. આ મુસલ્લા ખાના-કાબાની ચારે બાજુ બનેલાં છે. જેની નીચે બેસીને દરેક ધર્મનો માણસ કુરાન વાંચી શકે છે.

બાબુસ્લામ નામના દરવાજાથી હું ખાના-કાબાની પાસે પહોંચી ગયો. ખાના-કાબા પહોંચતા પહેલા મુકામ ઈબ્રાહીમ આવે છે, જે ખાનાની પાસે જ છે અને અહીં બે રકાતો નમાજની પઢવી પડે છે. ત્યાર બાદ તવાફ એટલે કે પરિક્રમા શરૂ થઈ જાય છે. પરિક્રમા ખાના-કાબાની ચારે બાજુ કરવામાં આવે છે. દરેક પરિક્રમા વખતે હજ્જ્રઅલ અસવદ અર્થાત્ કાળા પથ્થરને ચૂમવો પડે છે. એ પથ્થર દિવાલના એક ખૂણામાં જડેલો છે. હજ્જ્રઅલ અસવદનો અર્થ છે કાળો પથ્થર. આ પથ્થર સફેદ આરસ જેવો છે જેમાં કેટલાંક કુદરતી કાળી ડિઝાઈન છે. આ ડિઝાઈનનોને નિરખીને જોવાથી માણસની આકૃતિઓ જેવી દેખાય છે. પરંતુ આ ડિઝાઈનોને પૂરો માણસ ન કહી શકાય. જ્યારે હું ભારતમાં હતો ત્યારે સાંભળ્યું હતું કે હજ્જ્ર અલ અવસદ શિવલિંગ જેવો છે. પરંતુ અહીં આવીને જોયું કે આ શિવલીંગ નથી. આ એક આરસની શિલા છે. જેમાં માણસના આકાર જેવી કેટલીક કાળાશ જેવી ડિઝાઈનો છે અને આ પથ્થર દિવાલની બહાર નહીં પરંતુ જેવી રીતે સ્મૃતિ ચિહ્નો દિવાલમાં લગાવેલા હોય છે તેવી રીતે દિવાલની સાથે જડેલો છે. દરેક પરિક્રમા વખતે પથ્થર ચૂમવાનો હોય છે. હજના દિવસોમાં આ પથ્થર ચૂમવાવાળાઓની એટલી ભીડ હોય છે કે હાજીઓના માથા ફૂટે છે છતાં પણ તમામને આ પથ્થર ચૂમવાનું સૌભાગ્ય મળતું નથી. ઈબન સઉદે એક સિપાહી હજૂર અલ અસવદનો પહેરો ભરવા માટે રાખ્યો છે જે એક સમયે એકને

જ ચૂમવા દે છે.

ભારતવર્ષમાં મુસલમાનો પશ્ચિમ તરફ મુખ રાખીને નમાજ પઢે છે, પરંતુ જ્યાં ખુદાનું ઘર છે ત્યાં મક્કામાં દરેક લોકો હજૂર અલ અસવદની તરફ મુખ રાખીને નમાજ પઢે છે. જ્યારે મક્કાના હરમશરીફમાં ખાના-કાબાની ચારે બાજુ લોકો ઊભા હોય છે ત્યારે પૂર્વ તરફ કતારમાં ઊભેલા પશ્ચિમ તરફ અને પશ્ચિમ બાજુ કતારમાં ઊભેલા પૂર્વ તરફ મુખ રાખીને નમાજ પઢે છે. એ જ રીતે ઉત્તર બાજુ ઊભેલા દક્ષિણ તરફ અને દક્ષિણ બાજુ ઉભેલા લોકો ઉત્તર તરફ મુખ રાખીને નમાજ પઢે છે. જો તેઓનો દેશ કાબાની ઉત્તર બાજુ હશે તો તેઓ દક્ષિણ તરફ મુખ રાખશે. આમ જે તે દેશના લોકો પોતાના દેશની દિશા ધ્યાને લઇ અહીં નમાજ પઢે છે.

હજૂર અલ અસવદની જેમ મક્કાના જબલતૂરમાં પણ આવા જ પથ્થરો મળી આવે છે, પરંતુ આ પથ્થરની બાબતમાં એવી માન્યતા છે કે આને આદિમ (જગતનો પહેલો માણસ) બહિશ્ત (સ્વર્ગ)માંથી લાવ્યો હતો.

સંપૂર્ણ વાત એમ છે કે આદિમ અને તેની પત્ની હવ્વા સાતમાં આકાશમાં ખુદા પાસે રહેતા હતા. ખુદાએ તેઓને કહ્યું કે તમે સ્વર્ગની તમામ વસ્તુઓ ખાઇ શકો છે પરંતુ સાવધાન! આ છોડનું ફળ ન ખાશો, જો ફળ ખાશો તો તમને સ્વર્ગમાંથી કાઢી મૂકવામાં આવશે. પરંતુ શૈતાને આ દંપતીને ઉશ્કેર્યુ જેથી તેઓએ ઘઉંના છોડમાંથી થોડું ખાઇ લીધું. જે ખાતા જ તેઓને પોતાની દશાનું ભાન થયું કે પોતે ઉઘાડા (નિર્વસ્ત્ર) છે. તેઓએ પોતાનું શરીર વૃક્ષના પાંદડાંથી ઢાંકી દીધું. જ્યારે તેઓને વસ્ત્ર પહેરેલાં જોયા તો ખુદા ખૂબ ક્રોધે ભરાયા અને બંનેને સ્વર્ગમાંથી પૃથ્વી પર ફેંકી દીધાં. તે સમયે આદિમ પોતાની સાથે સ્વર્ગમાંથી આ હજૂર અલ અસવદ પણ સાથે લાવ્યા હતા.

જોયું! આટલી ઊંચાઇએથી આદિમ, હવ્વા અને પથ્થર નીચે પડયા હશે તો ભૂક્કો નહીં બોલી ગયો હોય? એમ લાગે છે કે જરૂર કોઇ સીડી લગાવી હશે અને એના સહારે નીચે ઉતર્યા હશે. આમ કર્યા વિના તો કોઇ પણ મનુષ્ય નીચે ઉતરવું શક્ય નથી. મને તો એ વાતનો પણ ડર છે કે યજમાન છે! જે યાત્રી મક્કાના દર્શન માટે જિદ્દા બંદરે ઉતરે છે તો મક્કાનાં મુઅલ્લમ તેઓને જહાજ પરથી જ ઉતરતા જ ઘેરી વળે છે. દરેક મુઅલ્લમ અવાજ લગાવે છે- એ હાજી! હું તમારો મુઅલ્લમ છું. રાજ્ય તરફથી બહાર સિપાહીઓ ઊભા રહે છે, જેઓ મુઅલ્લમને સાથે લીધા વિના કોઇને પણ અંદર જવા દેતા નથી. આથી દરેકે મુઅલ્લમને વીસ રૂપિયા આપવા પડે છે. મુઅલ્લમ એમના માલ-સામાનનો રક્ષક બની જાય છે. તેઓને પોતાની ધર્મશાળામાં લઇ જાય છે. જો કોઇ યાત્રી બીમાર પડી જાય કે મૃત્યુ થાય.

તો મુઅલ્લમ એની સૂચના રાજ્યને આપે છે.

જિદ્દાથી મક્કા પિસ્તાલીસ માઇલ દૂર છે. મોટર દ્વારા જિદ્દાથી મક્કા બે કલાકમાં પહોંચી જવાય છે. ઊંટ અને પગપાળા બે દિવસનો રસ્તો છે. જો કે રસ્તામાં જંગલ છે, પરંતુ હજના દિવસોમાં ઠેક-ઠેકાણે ચા-કોફીની દુકાનો ખુલે છે, પાણીની દુકાનો પણ હોય છે. અહીં પાણી બે પૈસામાં એક ગ્લાસમાં વેચાય છે. એક પીપ પાણી ચાર આનામાં મળે છે. આખા મક્કામા સોમલી (સુદાન)ની મહિલાઓ રાત-દિવસ માથા ઉપર ઘડા લઇને હાજી મોયા અરબા કુશેરા એટલે કે હાજી લોકો મોયા (પાણી)નું એક ટીન ચાર આનામાં લઇ લો. મોયા હજાજી અરબી છે. જે અરબી શબ્દ અલ્માનું અપભ્રંશ છે, જેનો અર્થ પાણી થાય છે. જ્યારે મોટાથી પોકાર કરે છે. ત્યારે પંજાબી ભાઇ ઉર્દૂમાં તેમને પૂછે છેક 'કોણ મરી મરી ગયુ છે?' પેલી મહિલાઓ એમ સમજે છે કે આ ભાઇ પાણીનો ભાવ - કિંમત પૂછે છે. આથી મહિલાઓ ચાર આંગળી બતાવીને કહે છે, અરબા કુરોશ અર્થાત્ ચાર આના. પેલા પંજાબી એમ સમજે છે કે ચાર લોકો મરી ગયા. આથી આગળ પૂછે છે કોણ કોણ મરી ગયા? એવું સાંભળાયું છે કે એક બહેરો માણસ રીંગણા બજારમાંથી ખરીદીને ઘરુ જઇ રહ્યો હતો તો કોઇએ પૂછ્યું ક્યાં જાય છે? તો પેલા માણસે કહ્યું બે આનાના એક સેર પેલાને આશ્ચર્ય થયું આથી પૂછયુ બાળ-બચ્ચા તો મજામાં છે ને ? જવાબ મળ્યો - આને શેકીને ખાઇશ. ભાઇઓ, આવી જ દશા ભારતવર્ષના હાજીઓની થાય છે. મોટાભાગના હાજીઓ અરબીનો એક અક્ષર પણ જાણતા નથી અને અરબના લોકો ઉર્દૂ જાણતા નથી. ક્યારેક ખુદા પણ નીચે ન પડી જાય! કારણકે વિજ્ઞાને એ બાબત સિદ્ધ કરી છે કે આકાશ એ શૂન્ય વસ્તુ છે તેના ઉપર મેજ સ્થિર રહી ન શકે. હવે જો મેજ નથી તો ખુદા ક્યાં બેસતા હશે? જ્યાં બુદ્ધિ કામ આવી ન શકે ત્યાં ઇમાન (અંધવિશ્વાસ)ની મદદ મળી શકે છે. આથી જો ખુદાને મેળવવા હોય તો વૈદિક ધર્મના શરણમાં આવો. વેદ જ આપને સર્વવ્યાપક પરમાત્માનું દર્શન કરાવી શકે છે. ખુદા અને આદિમના વિવાદાસ્પદ વિષયને અહીં જ વિરામ આપીએ અને આપને ફરી ખુદાના ઘર ખાના-કાબા લઇ જઇએ છીએ.

આપને યાદ હશે કે કાબાની પરિક્રમા એહરામ (બે ધોતી) બાંધીને ઉઘાડા પગે અને ઉઘાડા માથે કરવી પડે છે. ઉઘાડા માથા જોવાથી એક વિચિત્રતા જોવા મળી કે દમશ્ક (શામ)ના ઘણાં મુસ્લમાનો માથા પર ચોટલી રાખે છે તથા અરબના બુદ્ધ અને તરાલસ લોકો પણ માથા પર ગાયની ખરી જેવી ચોટલી રાખે છે. આ રીતે સાત વખત પરિક્રમા કરે છે, પરિક્રમા કરીને ખાના કાબાની બરાબર બાજુમાં આવેલ બીર જમ-જમની નજીક ચાલ્યા જાય છે. અરબીમાં કૂવાને 'બીર' કહે છે. જમ-જમ એક કૂવો જ છે. પહેલા એ એક વહેણ હતુ. હવે આ

કૂવામાંથી સીંચીને પાણી કાઢે છે. અને બધાં તે પાણી થોડું-થોડું પીએ છે, અને માથા ઉપર છાંટે છે. આ પાણી થોડું ખારૂં અને ગરમ પણ હોય છે ત્યાં પાણી પીને હરમ શરીફ પાસે આવેલ સફાવલ મરવાહ જાય છે. એ બે નાની-નાની પહાડીઓ છે. સફાવલ મરવાહ અને હરમ શરીફ વચ્ચે લગભગ એક ફર્લાંગનું અંતર હશે. સફાવલ પહાડીથી મરવાહ સુધી સ્ત્રી-પુરુષ બધાં હાજીઓ સાત વખત દોડ લગાવે છે.

સફાવત મરવાહ બજારમાં છે, ત્યાં મોટાભાગે વાણંદની દુકાનો છે. ત્યાં માથાના વાળ ઉતરાવે છે અને એહરામ (ધોતી) ઉતારીને પોત-પોતાના કપડા પહેરી લે છે. ત્યાંથી ધર્મશાળામાં ચાલ્યા જાય છે. રાજ્ય તરફથી આજ્ઞા છે કે દરેક વ્યક્તિ પોતાની સાથે એક મુઅલ્લમ અર્થાત્ જાણકારને રાખે તેની ફી વીસ રૂપિયા હોય છે. મુઅલ્લમને આપણે હરિદ્વારના પંડાઓ સાથે સરખાવી શકીએ. જેવી રીતે હરિદ્વાર સ્ટેશને પંડાઓ યાત્રીઓને ઘેરી વળે છે અને ક્યાંના રહેવાશી છો વગેરે અવાજ લગાવે છે તે જ રીતે આ મુઅલ્લમ લોકો સ્ટેશન પર જ હાજીઓ પાસેથી ચાર્જ વસુલી લે છે. બધાં એમ જ કહેતા હોય છે કે તમે અમારા આથી સંકેતોથી કામ ચલાલાય છે. પરંતુ આ ખામી ભારતના વેપારીઓ પૂરી કરે છે. મક્કામાં લગભગ તમામ વસ્તુઓની લેવડ-દેવડ થાય છે, જિદ્દા બંદરની નજીક હોવાથી દરેક દેશની દરેક વસ્તુઓ અહીં મળે છે. જિદ્દા, મક્કા, મદીનાથી ભાડાની મોટરો પણ ચાલે છે. નજદો હજજાજ રાજ્યની મોટરો પણ લગભગ પાંચસો જેટલી અહીં હશે. મક્કામાં એક હોસ્પિટલ પણ છે. જ્યાં રોગીઓની મફત સારવાર થાય છે.

ક્રમશઃ...

અનુસંધાન પાના નં. ૧૪ પરનું ચાલુ...

## અંધવિશ્વાસ અને તેનું નિવારણ

માં વહેંચવા જોઇએ. વેદોમાંકહ્યું છે -

शत हस्त समाहर सहस्त्रं हस्त संकिर

એટલે કે સો હાથ વડે કમાઓ અને હજાર હાથો વડે વહેંચો. આ એક ઉત્તમ વિચાર છે. ગરીબ લોકો પણ આપણાં સમાજનો અંગ છે. તેઓનું ઉત્થાન કરવું પણ આપણાં સર્વનું કર્તવ્ય છે, ધર્મ છે. એ આત્મિક ઉન્નતિ માટે જરૂરી પણ છે. સુપાત્રને દાન જરૂર આપવું જોઇએ - એમાં બે મત ન હોય શકે. યજ્ઞનો લાભ અલગ છે અને દાનનો લાભ અલગ. મનુષ્યને માટે આ બંને કાર્યો જરૂરી છે. થોડું ધ્યાનથી વિચારવામાં આવે તો પરોપકાર અને ત્યાગનું જ બીજુ નામ યજ્ઞ છે. યજ્ઞ પ્રત્યે ઘૃણા રાખવી, એને હેય નજરે જોવા યોગ્ય નથી. યજ્ઞથી તો તમામ પ્રાણીઓનો ઉપકાર થાય છે. યજ્ઞ આપણે નિયમિત કરવો જોઇએ. વેદોમાં એને સર્વશ્રેષ્ઠ કાર્યની સંજ્ઞા આપવામાં આવેલ છે. યંજ્ઞ કરવો એ જરૂરી જ નહીં, પરંતુ પરમ જરૂરી કહેવામાં આવેલ છે.



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધવિશ્વાસ - યજ્ઞ (હવન)માં ઘી, સામગ્રી વગેરે ખાદ્ય પદાર્થો હોમીને બાળી નાંખવાના બદલે તે ખાદ્ય પદાર્થો વગેરે નિર્ધનને આપવા જોઇએ.**

**નિવારણ :** યજ્ઞ ન કરવાવાળા અને યજ્ઞ વિશે સાચી સમજ ન ધરાવાનારા લોકોમાં આવી ભ્રાન્તિ હોય છે. જે ખરેખર નિરાધાર અને ખોટી છે. વિજ્ઞાન કહે છે કે કોઇ પણ વસ્તુ નષ્ટ થતી નથી. માત્ર પોતાનું રૂપ બદલે છે તથા સ્થૂળથી સૂક્ષ્મ બની જાય છે. જો વસ્તુ ખત્મ કે નષ્ટ થઇ જાય તો આજ સુધીમાં બધુ સમાપ્ત થઇ ગયું હોત. પરંતુ આપણે જોઇએ છીએ કે સૃષ્ટિમાં બધું જ સહી સલામત છે.

એ ઠીક છે કે પૂજા-પાઠમાં કોઇ વિશેષ ખર્ચ થતું નથી પરંતુ યજ્ઞ-કર્મ કરવામાં જરૂર ધન ખર્ચ થાય છે. વેદોમાં કહેવામાં આવેલ છે કે દરેકે યજ્ઞ કરવો જરૂરી છે કારણ કે એ શ્રેષ્ઠત્તમ કર્મ છે. જે કર્મથી તમામ જડ-ચેતન દેવતાઓને લાભ થાય તે કર્મને શ્રેષ્ઠતમ કર્મ એટલે કે યજ્ઞ કહેવામાં આવે છે.

ઘી - સામગ્રી વગેરે વસ્તુઓ અગ્નિમાં હોમવાથી તે સૂક્ષ્મ થઇ જાય છે અને વાયુ દ્વારા દૂર-દૂર જઇને વાતાવરણને સુગંધિત બનાવીને તમામને લાભ પહોંચાડે છે. આપણને બધાંને ખબર છે કે એક સૂકુ લાલ મરચું જો અગ્નિમાં નાંખવામાં આવે તો આસ-પાસના તમામ લોકોનું ખાંસવા લાગશે. બધાં જ પરેશાન થઇ જશે. એ જ રીતે અગ્નિમાં ઘી અને અન્ય સુગંધિત પદાર્થો હોમવાથી સૂક્ષ્મ બનીને આસ-પાસના તમામ પ્રાણીઓને લાભદાયી બને છે. અને સુખ પહોંચાડે છે. આનાથી વાયુ મંડળ પણ શુદ્ધ થાય છે. શુદ્ધ વાયુ બધાં પ્રાણીઓ માટે જરૂરી છે. આપણે જાણીએ છીએ કે દૂષિત વાયુ તમામને માટે હાનિકર્તા છે. એનાથી સ્વાસ્થ્ય ઉપર ખૂબ ખરાબ પ્રભાવ પડે છે. ઘી અને હવન સામગ્રીમાં અનેક પ્રકારનાં રોગોને નષ્ટ કરવાના ગુણ રહેલા છે. થોડા ઘી થી ઘણાં લોકોને લાભ પહોંચાડી ન શકાય પરંતુ યજ્ઞ દ્વારા એટલું જ ઘી સૂક્ષ્મરૂપ થઇને હજારો-લાખો ગણું પ્રભાવશાળી થઇ જાય છે. જે અનેક લોકોનું સ્વાસ્થ્યવર્ધનનું કાર્ય કરે છે. એવી અનેક બિમારીઓ છે કે જેનો ઇલાજ દવા વડે શક્ય નથી હોતો, પરંતુ યજ્ઞ વડે તેવી બિમારીઓનો ઇલાજ કરી શકાય છે. આજના વૈજ્ઞાનિકો પણ આ બાબતનો સ્વીકાર કરે છે.

યજ્ઞ ન કરવાવાળા એવો આક્ષેપ પણ લગાવે છે કે ઘી અને અન્ય પૌષ્ટિક પદાર્થો અગ્નિમાં હોમવાના બદલે ગરીબો અનુસંધાન પાના નં. ૧૩ પર

પિતૃ નડતર એક અજ્ઞાત ભય!



# માં લક્ષ્મીના ભૂવા... માં સરસ્વતીના ભૂવા

- બળદેવભાઇ ઓઝા

મારા એક સ્નેહી. વ્યાપાર ધંધામાં કોઠાસૂઝ વાપરીને નાની ઉંમરે સારૂ એવું કમાઇને સમૃદ્ધ બન્યા. દીર્ઘ દૃષ્ટિ વાપરીને એમણે એમના સંતાનોને સારૂ શિક્ષણ અપીને સુશિક્ષિત બનાવ્યા. ખૂબ જ મીલનસાર અને એવો જ રમૂજી સ્વભાવ.

એમના પિતાશ્રી જૂનવાણી વિચારનાં. કોઇ બીમારી કે નાની મોટી તકલીફ આવે અને કકળાટ કરી મૂકે.

છોટુ, તું માનતો નથી પણ ભૂવા કહે છે, આપણને પિતૃ નડે છે.

બાપા! એવું કંઇ નથી! બધાને કોઇને કોઇ મુશ્કેલી તો હોય જ. અને શરીર છે. સાજુ માંદું તો થાય એમાં પિતૃ...

તું નહીં માને પણ કુટુંબના ભૂવાએ મઢમાં બેસીને ચોખવટ કરી છે. માતાજી માંડવો માંગે છે. તું ભલે ના માને મારે તો કરવો જ છે.

બાપાનાં આગ્રહને વશ થઇ વડીલનું માન રાખવા એ માંડવો નાંખવા તૈયાર થયા. આગળની તૈયારી માટે ભૂવાને બોલાવ્યા. નિમંત્રણ પત્રિકામાં ક્યા ક્યા ભૂવાનાં નામ રાખવા તે બાબતે બેઠક કરી. ભૂવાએ નામો સૂચવ્યાં. મારા સ્નેહીએ દરખાસ્થ કરી.

મારે પણ ભૂવાનાં નામ સૂચવવા છે.

તમારે ઘરે માંડવો છે. તમે ધારો તે ભૂવાન નામ લખો, એમાં અમારે શું વાંધો હોય? ભૂવાજીએ સંમતિ આપી.

તો લખો. માંડુભાઇ દેવશીભાઇ ગોહિલ. લક્ષ્મીજીના ભૂવા. બીજુ નામ લખો પોપટભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ. એ પણ લક્ષ્મીજીના ભૂવા છે.

નામ સાંભળતા ભૂવાજીના ભવાં ચડયા! એ કાંઇ બોલે એ પહેલા મારા સ્નેહીએ ખુલાશો કર્યો,

આ બન્ને વડિલોએ મા લક્ષ્મીની આરધના કરી છે. બેયને મા લક્ષ્મી હકાપાહા છે. માંડુબાપા અને પોપટકાકા માગે ત્યારે વેણ અને વધાવે લક્ષ્મી હાજર થાય છે. એટલું જ નહીં જરૂર પડી છે ત્યારે બીજાની ભીડ ભાંગવા માટે આ બંને ભૂવાઓએ, માને રમતી મૂકીને ઘણાના દુઃખ દૂર કર્યા છે...

અરે પણ લક્ષ્મીના ભૂવા તે ક્યાંય જોયા છે ? માતાજીના માંડવામાં ખોડીયાર, મેલડી.....

મારી કંકોત્રીમાં લક્ષ્મીજીના ભૂવાનું નામ તો મારે જોઇએ જ. તમે લક્ષ્મીજીને માતાનું સ્વરૂપ નથી માનતા? એ પણ શક્તિ સ્વરૂપા જગદંબા જ છે. બીજું એક નામ લખો....

હા. તો બીજુ નામ લખો. બલદેવભાઇ મોતીભાઇ ઓઝા મા સરસ્વતીના ભૂવા કલમથી વેણ નાખી વધાવો આપીને ધારે ત્યારે મા સરસ્વતીને પડમાં બોલાવે છે. તમે લોકો ડાકલાનાં તાલે માતાને રમાડો છો એમ બલદેવભાઇ ભૂવા કલમના લસરકે મા સરસ્વતીને રમાડે છે. મરચાનો ધૂપ આપીને ભૂવા નડતરવાળાને રડાવે છે. સરસ્વતીના આ ભૂવા એમની કલમના તાલે દીકરી વ્હાલનો દરિયો પડમાં ફરતી કરીને, કેટકેટલાયે માવતરની આંખમાં આંસૂ લાવી દીધા છે.

એમ તો આપણા સમાજમાં બીજા ઘણા મા સરસ્વતીના ભૂવા છે. પણ બલદેવ ભૂવા એટલે.... એમને મા સરસ્વતી હાકાપાહા છે...!

આવા રૂડા પ્રસંગે લક્ષ્મી અને સરસ્વતીનાં આ ધરખમ ભૂવાને કેમ ભૂલાય ? નિમંત્રણ પત્રિકામાં બીજા ભૂવાની સાથે એમના પણ નામ છાપો.

મારા એ સ્નેહીની આવી વાતથી બાપા ચિંતામાં પડી ગયા કરડાકી નજરે બોલ્યા.

છોટુ, હવે તું બસ કર. માંડ વાત સરડે ચડી છે. નારાજ થાશે તો ભૂવા ભાગી જાશે. માંડવો માંડવાના ઠેકાણે રહેશે...

જો કે માંડવો તો થયો જ. પરંતુ કંકોત્રી છાપતા પહેલા કુટુંબના ભૂવાએ બાપાને દાટી આપી હતી,

લક્ષ્મી અને સરસ્વતના ભૂવાવાળી વાત બરાબર નથી. તમારો માંડવો માતાજીને પહોંચે નહીં તો પછી અમને દોષ નહીં આપતા.

ભૂવાની દાટી કામ આવી. નિમંત્રણ પત્રિકામાં મા લક્ષ્મી અને મા સરસ્વતીના ત્રણમાંથી એકેય ભૂવાને સ્થાન ન મળ્યું.

**પુસ્તકનાં પાને વેણ રૂપી વધાવો :**

માં લક્ષ્મી અને મા સરસ્વતી પણ દૈવી સ્વરૂપ છે. ખોડીયાર, મેલડી જેવી માતાઓ ભૂવાના શરીરમાં આવે છે. લક્ષ્મી, સરસ્વતી કેમ નહીં? કોઇ જાણકાર જ આનો ખુલાસો કરી શકે.

અનુસંધાન પાના નં. ૪ પરનું ચાલુ...


છે, વધારે લોકો તેનાથી પરિચિત રહે છે. આપણાં આંતરિક સંસારને ઓછા લોકો જાણે છે, ઓછા લોકો પરિચિત હોય છે, બાહ્ય સંસારમાં આપણે ઓછી વસ્તુઓ છુપાવી શકીએ છીએ, આંતરિક સંસારમાં ઘણું બધું છુપાવી શકીએ છીએ, ઘણું બધું છુપાવીને રાખીએ છીએ, અનેક વાતોનો બીજાને અણસાર પણ આવવા દેતા નથી.

આપણાં બહાર અને અંદરના સંસાર અલગ-અલગ હોય છે, પરંતુ તે એક-બીજાને પ્રભાવિત કર્યા કરે છે, તે એક-બીજાને ખુબજ પ્રભાવિત કરે છે. ક્યારેક તો એટલા બધાં પ્રભાવિત કરી દઈએ છીએ કે જેવો આપણો બાહ્ય સંસાર હોય છે, તેવો જ આંતરિક સંસાર બની જાય છે અથવા જેવો આપણો આંતરિક સંસાર હોય છે તેવો જ બાહ્ય સંસાર બની જાય છે. તેઓ પરસ્પર એટલા પ્રભાવિત કરવા લાગે છે કે તેના દુષ્પ્રભાવને અટકાવવો આપણને અસંભવ લાગવા માંડે છે. આપણાં બાહ્ય સંસારને અન્ય વ્યક્તિ-વસ્તુ-પરિસ્થિતિ વધારે પ્રભાવિત કરે છે, જેના ઉપર આપણું નિયંત્રણ અપેક્ષાકૃત ઓછો પ્રભાવિત કરે છે, તેમાં બીજાની દખલ-હસ્તક્ષેપ ઓછા રહે છે.

પ્રભુ કૃપા છે કે આપણો બાહ્ય સંસાર જે પણ હોય, ગમે તેવો હોય, પણ આપણે આપણાં આંતરિક - સંસારને જુદા-જુદા રૂપમાં રાખી શકીએ છીએ, જ્યારે આંતરિક સંસારને બદલવામાં આપણી સ્વતંત્રતા ઘણી વધારે છે. પ્રભુ કૃપાથી આપણો યોગ-સાધના દ્વારા બાહ્ય સંસારથી નિરપેક્ષ, સ્વતંત્ર, એક બિલ્કુલ નવો આંતરિક સંસાર રચી શકીએ છીએ. એવો આંતરિક-સંસાર કે જેમાં બધું જ આપણી ઈચ્છા મુજબનુ હોય, જેટલા અને જેવા પવિત્ર તેને પવિત્ર બનાવવા ઈચ્છીએ છીએ, બનાવી શકીએ છીએ. બીજાના બીનજરૂરી અને અનઅધિકૃત હસ્તક્ષેપથી ખૂબ દૂર બાહ્ય સંસારની દુરવ્યવસ્થા, ગંદકી, અશાંતિથી ખૂબ દૂર એક સુવ્યવસ્થિત, શુદ્ધ અને શાંત સંસાર બનાવી તેમાં રહી શકીએ છીએ.

આંતરિક સંસાર એક અલગ સંસાર છે. યોગ - સાધનાથી રહિત વ્યક્તિઓનો આ આંતરિક-સંસાર તેમને માટે અત્યંત દુઃખ બધા સમસ્યા અને પતનનું કારણ બની જાય છે. પ્રભુ ભક્ત યોગ સાધકોનો આંતરિક સંસાર તેમને માટે અત્યંત સુખ-અનુકુળતા-શાંતિ-સમાધાન અને ઉન્નતિનો આધાર બની જાય છે. પ્રભુની કૃપાથી હંમેશા સાથે જ છે. આપણે આપણો નવો આંતરિક-સંસાર બનાવવાનો છે, તે જ આત્મ દર્શન અને પ્રભુદર્શન પણ હશે.

# જિજ્ઞાસા – સમાધાન

– આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા : આત્મા સો પરમાત્મા એમ કહેવાય છે, તે સાચુ છે? જીવાત્મા જ પરમાત્મા શા માટે ન થઈ શકે?**

**સમાધાન :** આત્મા સો પરમાત્મા એમ કહેવાય છે, તે સાચુ નથી. આત્મા જ પરમાત્મા કે જે આત્મા છે તે જ પરમાત્મા છે એમ કહેવું એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. આત્મા અને પરમાત્મા બંને અલગ-અલગ જ છે, બંને સ્વતંત્ર સત્તા છે.

જીવાત્મા ક્યારેય પરમાત્મા ન બની શકે. કારણ કે બંનેના સ્વરૂપ જુદાં છે. જીવાત્માનું સ્વરૂપ - તે અલ્પજ્ઞ છે, અલ્પ શક્તિવાળા છે, એકદેશીય છે, કર્મોના બંધનમાં આવી તે શરીર ધારણ કરનાર છે, સહાયતા વિના કંઇ કરી શકે નહીં વગેરે. જે સ્વરૂપથી જ અલ્પજ્ઞ, એકદેશીય છે તે સર્વજ્ઞ, સર્વવ્યાપક ક્યારેય થઇ શકે નહીં.

ઇશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપક, કર્મોના બંધનમાં ન આવનાર છે. વેદમાં ઇશ્વરનું સ્વરૂપ આ મુજબ આપવામાં આવેલ છે

स पर्य्यागाच्छुक्रमकायमव्रणमस्नाविरँ् शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्था –
नव्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥

– यजुर्वेद ४०.८

એટલે કે તે પરમાત્મા બધી બાજુથી વ્યાપ્ત, શીઘ્રકારી, સર્વશક્તિમાન, સ્થૂલ-સૂક્ષ્મ-કારણ શરીરથી રહિત, છિદ્ર વિનાનો, નાડી વગેરે બંધનોથી રહિત, અવિદ્યા વગેરેથી રહિત, સદા પવિત્ર, પાપથી રહિત, સર્વજ્ઞ, બધાં જીવોના મનની વાતોને જાણનાર, દુષ્ટોનો તિરસ્કાર કરવાવાળો, અનાદિ સ્વરૂપ પોતાની સનાતન પ્રજાને માટે યથાર્થ ભાવથી વેદ દ્વારા બધાં પદાર્થોને બતાવનાર છે.

વેદમાં પરમેશ્વરનું આ સ્વરૂપ આપવામાં આવેલ છે. જીવાત્મા આ સ્વરૂપવાળો ન થઇ શકે. યોગદર્શનમાં પણ ઇશ્વરનું રૂપ આ મુજબ આપવામાં આવ્યું છે.

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।
तत्र निरतिशयं सर्वज्ञबीजम् ।
स एष पूर्वषामपि गुरुः कालेनानवच्छेदात् ।

– योग. १.२४–२६

આ સ્વરૂપવાળો માત્ર ઇશ્વર જ હોઇ શકે, આત્મા નહીં. આથી જીવાત્મા ક્યારેય પરમાત્મા ન થઇ શકે.

**જજ્ઞાસા : આ સંસારનો ભોક્તા માત્ર જીવ જ શા માટે છે, પરમાત્મા શા માટે નહીં?**

**સમાધાન :** સંસારનો ભોક્તા માત્ર જીવ જ છે. કારણ કે પ્રકૃતિ જડ છે તેથી તે

ભોગ કરી શકે નહીં. તે ભોગ્ય જરૂર થઇ શકે. પરમાત્મા સત્ય સંકલ્પ પૂર્ણકામ છે. તે પોતે જ આનંદ સ્વરૂપ છે, તેને કોઇ પ્રકારના ભોગની જરૂર નથી. આમ પ્રકૃતિ અને પરમાત્મા ભોક્તા નથી તો જે જીવ છે તે જ ભોકતા છે. આપણી દૃષ્ટિએ જીવાત્મા અનેક છે. તે અવિદ્યાના કારણે બંધનમાં આવે છે, સંસારરૂપી કર્મોના ફળ ભોગવવા વિવિધ યોનિઓમાં રહીને કર્મોના ફળ ભોગવે છે. આ સંસાર જીવાત્માઓનો ભોગ-ભોગ્ય છે. અથવા એમ કહી શકાય કે જીવાત્મા આ સંસારનો ભોક્તા છે.

**જિજ્ઞાસા: જીવાત્મા શરીર શા માટે ધારણ કરે છે, ક્યારથી શરીર ધારણ કરી રહ્યો છે અને ક્યાં સુધી શરીર ધારણ કરતો રહેશે?**

**સમાધાન :** આધ્યાત્મિક વ્યક્તિના મનમાં અધ્યાત્મને લગતા પ્રશ્ન ઉઠતા રહે છે, આવી વ્યક્તિ પોતાનું જ્ઞાન વધારવા આવા પ્રશ્નોનું સમાધાન શોધતી રહે છે, જ્યાં સુધી સંતોષજનક ઉત્તર નથી મળતો નથી ત્યાં સુધી તે સમાધાન મેળવવા પ્રયત્નશીલ રહે છે, હું કોણ છું, શરીરમાં શા માટે આવ્યો છું, ક્યાં સુધી શરીરમાં આવા-ગમન થતું રહેશે. મને શરીરમાં કોણ મોકલે છે, વગેરે પ્રશ્નો એક આધ્યાત્મિક વ્યક્તિને વિચારવા માટે મજબૂર કરી દે છે.

જીવાત્મા શરીર શા માટે ધારણ કરે છે? અહીં આપણે એ નિશ્ચય કરી લેવો જોઇએ કે જીવાત્મા જાતે કોઇ પ્રકારનું શરીર ધારણ કરતો નથી, કરી શકતો નથી. જીવાત્માને પરમાત્મા શરીર ધારણ કરાવે છે. આનું કારણ જીવાત્માએ અવિદ્યાને કારણે કરેલ કર્મો છે. જ્યારે જીવાત્મા અજ્ઞાનતાપૂર્વક કર્મ કરે છે અથવા સાંસારિક સુખની ઇચ્છા માટે જ્ઞાનપૂર્વક પણ કર્મ કરે છે, ત્યારે પરમાત્મા તેને કર્મફળ ભોગવવા માટે શરીર ધારણ કરાવે છે. જીવાત્માનું શરીર ધારણ કરવું કે કરાવવું તેનું મુખ્ય કારણ તેના કર્મો છે.

જીવાત્મા ક્યારથી શરીર ધારણ કરે છે? એનો જવાબ છે કે અનંતકાળથી શરીર ધારણ કરતો આવે છે. ક્યાં સુધી શરીર ધારણ કરતો રહેશે તો આનો જવાબ એ છે કે અનંતકાળ સુધી શરીર ધારણ કરતો રહેશે. અહીં એ ધ્યાનમાં લેવાનું કે જ્યારે જ્યારે જીવાત્મા મુક્તિ-મોક્ષમાં રહે ત્યારે તે સમય-કાળમાં શરીર ધારણ નહીં કરે, કારણ કે મુક્તિમાં શરીર વિના પરમેશ્વરના સહયોગથી પોતાના સ્વાભાવિક સામર્થ્ય જીવાત્મા મુક્તિનો આનંદ મેળવે છે. જે રીતે મુક્તિના સમયમાં જીવાત્મા શરીર રહિત હોય છે તેમ પ્રલય કાળમાં પણ જીવાત્મા શરીર રહિત - મૂર્છા અવસ્થામાં રહે છે.

શરીર ધારણ કરવાનું કારણ પૂર્વમાં કહ્યા મુજબ તેની અવિદ્યા છે. જ્યાં સુધી આત્મા અવિદ્યા યુક્ત રહેશે ત્યાં સુધી શરીર વગેરેના બંધનમાં રહે છે, અને જ્યારે અવિદ્યાનો નાશ કરી વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે બંધનોમાં ફંસાવનાર પોતાના સંસ્કારો નષ્ટ કરી નાંખે છે, મુક્તિનો સમય-અવધિ પૂરી થતા પુનઃશરીરના બંધનમાં આવે છે. આમ બંધન-મુક્તિનું ચક્ર ચાલતુ આવ્યું છે. ચાલતુ રહેશે.

આમ મુક્તિ અને પ્રલયકાળ સિવાયના સમયમાં જીવાત્મા શરીર ધારણ કરતો રહ્યો છે અને કરતો રહેશે.




શ્રી પ્રકાશ આર્ય (મહૂ) મંત્રીશ્રી સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા લિખિતનું શ્રી ભરત મકવાણા કોમિક્સ રૂપાંતર કરેલ અને આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા હિન્દી પ્રકાશનનું ગુજરાતી ભાષાંતર પ્રગટ કરવામાં આવે છે આશા છે તે બાળકને ગમશે અને પ્રેરણા મેળવશે

- સહસંપાદક)

# ભગવાનને શા માટે માનવા ?

અપૂર્વા, શોર્ય અને ધ્રુવ ત્રણેય બાળકોને શાળાઓમાં છુટ્ટી હોવાથી દિલ્લીથી મુંબઇ દાદા પાસે રજાઓનો આનંદ લેવા આવ્યાં છે. એરપોર્ટ પર બાળકોને લેવા તેમના કાકા આવ્યા છે. બાળકો કાકાની કારમાં બેસી ગયા. કાર દાદાના ઘર તરફ રવાના થઈ. મુંબઇના રસ્તાઓ ઉપર કાર દોડવા લાગી. બાળકો દાદાજીને મળવા અતુર હતા.




દાદાજીનું ઘર એરપોર્ટથી થોડું જ દૂર હતું. બાળકો આવતા દાદાજી ખૂબ ખુશ થયા...




બાળકો પણ દાદાજીને મળતા બહુ જ પ્રસન્ન થયા. રાત્રે ભોજન કરતા-કરતા બાળકોએ દાદજી પાસે વચન લઇ લીધું કે તેઓ આવતી કાલે સવારે ફરવા લઇ જશે. ફરવા જવાની ખુશીમાં બાળકો એ રાત્રે આરામથી સુઇ ગયા. અપૂર્વા ૧૨ વર્ષની હતી. તે સવારે વહેલી જાગી ગઇ. તેણે બાકીના બાળકોને જગાડયા. બધાં નાહી-ધોઇ તૈયાર થઇ ગયા. સુંદર કપડાં પહેર્યાં અને દાદાજીના રૂમમાં પહોંચી ગયા.







નાસ્તો કરીને બધાં બાળકો દાદાજી સાથે ફરવા નીકળે છે.



સૌથી મોટી પૂર્વા હતી. તેનાથી નાનો શૌર્ય અને સૌથી નાનો ધ્રુવ હતો
દાદાજી! તમે દરરોજ સવાર-સાંજ આંખો બંધ કરીને આસન પર બેસીને શું કરો છો?
હું દરરોજ બંને સમય સંધ્યા કરૂ છું.
આ સંધ્યા શું છે?
દાદાજીએ અપૂર્વાને કહ્યું -
બેટા! સંધ્યા એ ભગવાનની પ્રાર્થના છે, જેમાં ભગવાનનીસ્તુતિ - ગુણગાન કરવામાં આવે છે ભગવાનના ઉપકારો બદલ આભાર માનીએ છીએ. તેમજ ભગવાન પાસે સારૂ સ્વાસ્થ્ય, સાત્વિક બુદ્ધિ અને સુખ માટે પ્રાર્થના કરીએ છીએ.
શૌર્યએ દાદાજીને પૂછ્યું-
દાદાજી! શું એ બધું ભગવાન આપણને આપે છે.
હા બેટા! જરૂર આપે છે.


દાદાજી ! ભગવાન આપણને દેખાતા તો નથી. તો પછી તે આપણને કઇ રીતે આપે છે.
દીકરી ! તે શરીર ધારી નથી છતાં પણ તે બધું જ કરે છે આપણે આ આંખો વડે તેને જોઇ શકીએ નહીં.
દાદાજી ! એ સમજાતું નથી કે તેને શરીર નથી. તેને આંખો વડે જોઇ શકાય નહીં છતાં પણ તે બધું જ કરે છે આપણે આ આંખો વડે તેને જોઇ શકીએ નહીં.
હા દાદાજી ! આપ અમને એ સમજાવો કે ભગવાન શું છે અને શા માટે દેખાતા નથી.
બાળકો ! એવી ઘણી વસ્તુઓ છે કે જે આંખથી દેખાતી નથી, છતાં પણ હોય છે ખરી...
તે કઇ રીતે ?

ક્રમશઃ...

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

## પ્રાંતીય સભાનો
# સ્વાધ્યાય શિબિર - ૨૦૧૮ સંપન્ન




**સ્વાધ્યાય કરાવતા આચાર્ય સોમદેવજી**

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગુજરાતની આર્યસમાજોનાં સદસ્યો, સભાસદો, પદાધિકારીઓ અને પુરોહિતો માટે દર વર્ષે વિવિધ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. તદનુસાર પુરોહિતો માટે ચાર અને સદસ્યો માટે પાંચ ચિંતન શિબિર સંપન્ન થયાં છે. જેમાં ઉપસ્થિત રહેનાર શિબિરાર્થીઓએ આધ્યાત્મિક, સૈદ્ધાન્તિક, સાંગઠનિક વિષયોનું માર્ગદર્શન-પ્રશિક્ષણ વિવિધ વિદ્વાનો દ્વારા પ્રાપ્ત કરેલ છે. આ શિબિરો જેમ વ્યક્તિગત ઉન્નતિમાં ઉપયોગી થયાં છે તેમ તેઓની આર્યસમાજોને પણ ઉપયોગી થયા છે.

ચાલુ વર્ષે આર્યસમાજોનાં સદસ્યો, સભાસદો અને પદાધિકારીઓ માટે સ્વાધ્યાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું. તા. ૪-૫-૬ મે ૨૦૧૮ ત્રણ દિવસ માટે પ્રકૃતિની ગોદમાં પ્રેરણાધામ, ભવનાથ, જૂનાગઢ ખાતે યોજાયેલ આ શિબિરમાં રાજકોટ, ટંકારા, જૂનાગઢ, અમદાવાદ, આણંદ, વઢવાણ, ધ્રાંગધ્રા, પોરબંદર, વિસાવદર, સુરેન્દ્રનગર વગેરેના આર્યસમાજોના સદસ્યોએ ભાગ લીધો હતો. શિબિરનું ઉદ્‌ઘાટન સભાપ્રધાને શ્રી સુરેશચંદ્ર આર્યએ કર્યુ હતું.

શિબિરનો ઉદ્દેશ્ય સદસ્યોમાં સ્વાધ્યાય પ્રત્યે રૂચિ વધે એ હતો. જે માટે શિબિરાર્થી સ્વાધ્યાયશીલ છે કે કેમ? ક્યાં ગ્રંથોનો સ્વાધ્યાય કરેલ છે, કરે છે તેમજ હોમ લાયબ્રેરી છે કે કેમ? આર્ય પત્રિકાઓ મંગાવે છે કે નહીં? વગેરેની જાણકારી મેળવવામાં આવેલ હતી. ત્યાર બાદ મહર્ષિ દયાનંદ કૃત ગ્રંથો ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા અને આર્યોદ્દેશ્ય રત્નમાલાનો સ્વાધ્યાય કરાવવામાં આવેલ હતો. આ માટે આર્ય વિદ્વાનો પં. રામસ્વરૂપજી અને આચાર્ય સોમદેવજીને

ખાસ આમંત્રણ આપવામાં આવેલ હતું.

ત્રિદિવસીય શિબિરમાં પ્રાતઃકાળ વેળાએ યોગ-ધ્યાનની વિધિ શીખવવામાં આવેલ હતી. તેમજ યજ્ઞમાં એકરૂપતા અને મંત્રોચચારણમાં શુદ્ધનાનું પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું.

શિબિરમાં આવાસ અને ભોજનની સુંર વ્યવસ્થા માટે આર્યસમાજનું જૂનાગઢના સદસ્ય શ્રી દેવાયતભાઇએ જહેમત ઉઠાવી હતી.શિબિર દરમ્યાન દરરોજ સાંજે ગિરનારની કંદરાઓનું ભ્રમણ કરવામાં આવેલ હતું.

શિબિરના અંતે મૂલ્યાંકન કસોટી રાખવામાં આવેલ હતી.

સમાપન સત્રમાં શિબિરાર્થીઓએ સ્વાનુભાવ વર્ણાવ્યાં હતાં. તેમજ સ્વાધ્યાય કરવા અને કરાવવાના સંકલ્પ લીધા હતાં અને આ પ્રકારનો શિબિર અવાર-નવાર યોજવા સૂચન કર્યુ હતું.

શિબિરનું ઉદ્ઘાટન સભાપ્રધાન શ્રી સુરેશચંદ્ર આર્યએ કર્યુ હતું.

સમગ્ર શિબિરનું સંચાલન સભામંત્રીશ્રી હસમુખભાઇ પરમારે કરેલ હતું.

અનુસંધાન પાના નં. ૨૭ પરનું ચાલુ.. પ્રાંતીય આર્યવીર દળ શિબિર...

**બૌદ્ધિક વિશેષ આર્યવીર શ્રેણીઃ**

પ્રથમ : ભીલાલ અંબારામ ગણેશભાઇ

દ્વિતીય : દુબરીયા આદિત્ય રાજેશભાઇ - ટંકારા

તૃતીય : લીંબાડા મનીષ નીતુભાઇ

સમાપન કાર્યક્રમ તા. ૨૭ ના રોજ રાખવામાં આવેલ હતો જેના સર્વપ્રથમ વૈદિક યજ્ઞ કરવમાં આવ્યો. જેમાં તમામ આર્યવીરોએ આહુતિ આપી હતી. આર્યવીરોએ વૃતસૂત્ર (જનોઇ) ધારણ કરી દુર્ગુણ ત્યાગ અને સદ્ગુણ ધારણ કરવાનું વ્રત લીધેલ હતું.

પ્રારંભમાં ઉપસ્થિત મહાનુભાવોનું ઉપવસ્ત્રથી સ્વાગત્ કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડૉ. મીનાક્ષીબેન (જિલ્લા તબીબી અધિકારી) ઉપસ્થિત રહયા હતાં. તેમજ ગુજરાતની વિવિધ આર્યસમાજોના પદાધિકારીઓ, સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં આર્યવીરોના માતાપિતા હાજર રહ્યાં હતાં. તમામની ઉપસ્થિતિમાં આર્યવીરોએ તેઓએ પ્રાપ્ત કરેલ પ્રશિક્ષણની ઝલક રજૂ કરી હતી અને દર્શકોની પ્રશંસા મેળવી હતી.

આર્યવીરોએ પોતાના શિબિરના અનુભવો વર્ણવ્યા હતેં, અને આ પ્રકારના શિબિરમાં દર વર્ષે ભાગ લેવા તત્પરતા બતાવી હતી.

સમગ્ર શિબિર આર્યસમાજ વડોદરાના મંત્રી ભગવાન સ્વરૂપજી અને કાર્યકર્તાઓના સતત ઉપસ્થિતિ અને મહેનતથી સફળ રહ્યો હતો. શિબિરની તમામ વ્યવસ્થામાં નિવૃત્ત આર્મીમેન અને યોગ શિક્ષક શ્રી વસંતભાઇ બ્રહ્મભટ્ટની સેવા પ્રશંસનીય રહી હતી.

સમાપન કાર્યક્રમનું સંચાલન આર્યવીર દળ ગુજરાતના સંચાલક હસમુખભાઇ પરમારે કર્યુ હતું.

# આર્યવીર દળ ગુજરાતનો
# પ્રાંતીય કક્ષાનો શિબિર
# વડોદરા ખાતે સમ્પન્ન



ગુજરાતમાં આર્યવીર દળના વિકાસ માટે સન્ ૧૯૯૦ થી પ્રાંતીય કક્ષાના વાર્ષિક પ્રશિક્ષણ શિબિર લગાવવામાં આવે છે. પ્રતિ વર્ષ યોજાતા શિબિરમાં આજ સુધીમાં સેંકડો યુવકોનું નિર્માણ કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષનો શિબિર તા. ૨૦ થી ૨૭ મે ૨૦૧૮ સુધી વડોદરા ખાતે રાખવામાં આવ્યો હતો. આર્યસમાજ વડોદરાના મુખ્ય સહયોગથી આ શિબિરનું સ્થળ નિજાનંદન આશ્રમ, આજવા ચોકડી, નેશનલ હાઇ-વે રાખવામાં આવેલ હતું. જેમાં ગુજરાતની વિવિધ આર્યસમાજો આણંદ, રાજકોટ, ટંકારા, નડિયાદ, અમદાવાદ, લીંબડી, વઢવાણ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વડોદરા, ગાંધીનગર, સુરતથી આર્યવીરો જોડાયા હતા. શિબિરાર્થી સંખ્યા ૭૩ હતી.

શિબિરનો પ્રારંભ નિજાનંદ આશ્રમના વ્યવસ્થાપકશ્રી જયંતિભાઇના હસ્તે આર્યવીર દળનો ધ્વજ ફરકારવી કરવામાં આવેલ હતું. શિબિરાર્થીઓને નિર્ધારિત દિનચર્યા સવારના ૫ થી રાત્રિના ૯.૩૦ સુધીમાં શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. સાર્વદેશિક આર્યવીર દળના નિશ્ચિત પાઠયક્રમ મુજબ આર્યવીર અને શાખા નાયકનું પ્રશિક્ષણ વ્યાયામ શિક્ષક ચંદ્રપ્રસાદ શાસ્ત્રી અને સુવાશ શાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ હતું. જેમાં સુર્વાંગ સુંદર વ્યાયામ, સૂર્યનમસ્કાર, ભૂમિ નમસ્કાર, દંડ, બેઠક, આસન, નિયુદ્ધમ, જુડો, લાઠીદાવ, સૈનિક શિક્ષા, લેઝીમ, ડંબેલ્સ પિરામિડ વગેરે તેમજ બૌધિક શિક્ષણ શ્રી પ્રવીણભાઇ ઠાકર,



દેવકુમાર પડસુંબિયા અને શ્રી વસંતભાઇ બ્રહ્મભટ્ટ દ્વારા આપવામાં આવેલ હતું. તેઓએ આર્યવીર દળ અને આર્યસમાજનો પરિચય, આર્યવીર દળનો ઇતિહાસ, દેશભક્તિ, ભારતનો ઇતિહાસ, સ્વાસ્થ્ય, અનુશાસન, ચરિત્ર નિર્માણ વગેરે વિષયોને આવરી લીધાં હતા.



આર્યવીરોને સંધ્યા અને યજ્ઞનું શિક્ષણ પણ આપવામાં આવેલ હતું.

શિબિર દરમ્યાન વડોદરાનગરમાં આર્યવીરોનું પથસંચલન (શોભાયાત્રા) રાખવામાં આવેલ. જેનું પ્રસ્થાન કરાવવા સાર્વદિશિક આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખશ્રી સુરેશચંદ્રજી આર્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ શોભાયાત્રામાં ગુજરાતની વિવિધ આર્યસમાજોનાં પદાધિકારીઓ, સદસ્યો વગેરે જોડાયા હતાં. આ દરમ્યાન આર્યવીરોએ સામૂહિક અંગકસરત અને લાઠી દાવ રજૂ કરી નગરજનોની પ્રશંસા મેળવી હતી.

આર્યવીરોને એક દિવસ વડોદરા શહેર ભ્રમણ કરાવવામાં આવેલ હતું. કમાટીબાગ, ઝુ, મ્યુઝીયમ વગેરે નિહાળી આર્યવીરો આનંદિત થયા હતા.

શિબિરમાં આર્યવીરોની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ નીચે મુજબ રહ્યું હતું.

**આર્યવીર શ્રેણી :**

પ્રથમ : લો આયુષ પ્રવીણભાઇ – ટંકારા
દ્વિતીય : કોરિંગા વેદાંત રમેશભાઇ – ટંકારા
તૃતીય : ભટ્ટ ધ્રુવિલ લલીતભાઇ – સુરત

**શાખાનાયક શ્રેણી :**

પ્રથમ : શર્મા ધર્મમિત્ર વેદબંધુ – અમદાવાદ
દ્વિતીય : ભુંભરીયા હિરેન ભરતભાઇ – ટંકારા
તૃતીય : પરમાર ધર્મવીરસિંહ મનુભા – આણંદ

**બૌદ્ધિક વિશેષ શાખાનાયક શ્રેણીઃ**

પ્રથમ : શર્મા ધર્મમિત્ર વેદબંધુ – અમદાવાદ
દ્વિતીય : રાઠવા દિવ્યાંગ રાજેશભાઇ – વડોદરા
તૃતીય : પરમાર ધર્મવીરસિંહ મનુભા – આણંદ

અનુસંધાન પાના નં. ૨૫ પર

## ઉનાળુ રજામાં યોજાયા
# સ્થાનીય આર્યવીર દળ શિબિર

આર્યસમાજની યુવાપાંખ આર્યવીર દળનો પ્રચાર ગુજરાતમાં ધીરે ધીરે વિસ્તરી રહ્યો છે. જે આર્યસમાજના ઉજળા ભવિષ્યની નિશાની છે. જેના પરિપાક રૂપે ઘણી આર્યસમાજો દ્વારા આર્યવીર દળની સ્થાપના કરવામાં આવી છે. જેમાં નવા આર્યવીરો જોડાય તેવાં પ્રયત્નો કરવામાં આવે છે. આ માટે શાળાકીય રજાઓના દિવસોમાં આર્યવીરોને સ્થાનીય શિબિરોના માધ્યમથી પ્રશિક્ષણ આપવામાં આવે છે. ચાલુ વર્ષમાં વિવિધ સ્થળોએ યોજાયેલા પ્રશિક્ષણ શિબિરના સમાચારોનું સંકલન નીચે મુજબ છે.




**(૧) આર્યસમાજ કાંકરિયા, અમદાવાદ**ની શાખા આર્યસમાજ ગાંધીનગર ખાતે તા.૭ થી ૧૩ મે ૨૦૧૮ સુધી આર્યવીર દળ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનુ ઉદ્‌ઘાટન તકેદારી આયોગના સચિવ શ્રી રણજીતભાઇ ચાવડાના હસ્તે ધ્વજારોહણ સાથે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આર્યસમાજના પ્રધાન ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી, વૈદિક પરિવારના ટ્રસ્ટી તથા અગ્નિપથના મેનેજિંગ તંત્રી શ્રી મહેન્દ્રભાઇ ગાંધીએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું.

શિબિરની નિર્ધારિત દિનચર્યામાં ૬૦ આર્યવીરોને સર્વાંગ સુંદર વ્યાયામ, આસન, દંડ-બેઠક, નિયુદ્ધમ (કરાટે), જુડો, લાઠીદાવ, લેઝીમ, સ્વબચાવ તેમજ બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. પ્રશિક્ષણ તરીકે વ્યાયામ શિક્ષણ ચંદ્રપ્રસાદ શાસ્ત્રીએ સેવા આપી હતી. બૌદ્ધિક પ્રશિક્ષક કુ. જયાબેન શુક્લ, ડૉ. ભાવપ્રકાશ ગાંધી તથા મહેન્દ્રભાઇ ગાંધીએ આપ્યું હતું.

શિબિરના અંતે પરીક્ષા રાખવામાં આવેલ હતી. તેમજ તા. ૧૩ ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિમાં આર્યવીરોએ પ્રાપ્ત કરેલ શિક્ષણનું પ્રદર્શન રાખવામાં આવેલ હતું. જેની સૌએ પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ડૉ. મહેશભાઇ પટેલ, આર્યસમાજના મંત્રી શ્રીમતી

શશીલાબેન કંસારા, શ્રી મફતભાઇ વાઘેલા, અગ્નિપથના મેનેજિંગ તંત્રીશ્રી મહેન્દ્રભાઇ ગાંધી, તથા બહોળી સંખ્યામાં નગરજનો, આર્યવીરોના વાલીગણ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

આર્યવીરોને પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ હતાં. ઉલ્લેખનીય છે કે આર્યસમાજના યુવા કર્મઠ કાર્યકર શ્રી વિરમભાઇ ચૌહાણે સપરિવાર ઉપસ્થિત રહી ઉત્સાહભેર સેવા આપી હતી.

(૨) **આર્યસમાજ, જૂનાગઢ** દ્વારા સ્થાનીય આર્યવીર દળ શિબિર સમર સ્પેશ્યલ કેમ્પના સ્વરૂપે રાખવામાં આવેલ હતી. તા. ૩૦ એપ્રિલથી ૬ મે ૨૦૧૮ સુધી યોજાયેલ. આ કેમ્પમાં ૧૪૦ આર્યવીરો અને વીરાંગનાઓએ ભાગ લીધો હતો. જેમાં તેઓએ સર્વાંગ સુંદર વ્યાયામ, દંડ-બેઠક, આસન, પિરામિડ, સાધન વ્યાયામ વગેરે શારીરિક પ્રશિક્ષણ તેમજ વેદમંત્રોનું કંઠસ્થીકરણ, વૈદિક સિદ્ધાન્તો, ઇતિહાસની પ્રેરક વાતો, વૈદિક ગણિત તથા મોટીવેશન વગેરે બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. શિબિરાર્થીઓને અંધશ્રદ્ધા નિવારણની વિજ્ઞાનના પ્રયોગો દ્વારા પ્રેરણા આપવામાં આવેલ હતી.

શિબિરના સંચાલન અને પ્રશિક્ષણની મુખ્ય જવાબદારી દીપકભાઇ આર્ય અને શ્રીમતી પ્રવીણાબેન વાઘેલાએ મંત્રીશ્રી કાંતિભાઇ કીકાણીના માર્ગદર્શનમાં નિભાવી હતી. જેમાં વિવિધ વિષયોનું પ્રશિક્ષણ પં. રાજેશ શાસ્ત્રી, શ્રી ભાવેશભાઇ, શ્રી કિશનભાઇ સરવૈયા, શ્રી હિરેનભાઇ, શ્રી ભરતભાઇ હરિપર, સાજીદાબેન, રેણુબેન, કિશનજી ગુપ્તા, શ્રી થાનકીભાઇ શ્રી શંભુજી, શ્રી નીતિનભાઇ, શ્રી સંજયભાઇ, રશ્મિબેન, ચેતનાબેન વગેરેને આપ્યું હતું.

સમાપન કાર્યક્રમ બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના પ્રમુખશ્રી રણજીતસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે ગુજ. પ્રા. આ. પ્રતિ. સભાના મંત્રીશ્રી હસમુખભાઇ પરમાર, જૂનાગઢના મેયરશ્રી આદ્યશક્તિબેન, મણાવદરનાં ધારાસભ્યશ્રી જવાહરભાઇ ચાવડા, જૂનાગઢના ધારાસભ્યશ્રી ભીખાભાઇ જોષી, સત્યમ્ સેવા મંડળના પ્રમુખશ્રી મનસુખભાઇ વાજા, તેમજ આર્યજગતના વિદ્વાનો પં. રામસ્વરૂપ (અજમેર) આચાર્ય સોમદેવજી (અજમેર) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન કાર્યક્રમમાં શિબિરાર્થીઓએ પોતે મેળવેલ પ્રશિક્ષણની સુંદર રજૂઆત કરી હતી. તેઓને મહાનુભાવોના વરદ હસ્તે ઇનામો આપવામાં આવેલ હતાં.

(૩) **આર્યવીર વિકાસ ફાર્મ ટ્રસ્ટ – રોજડ** સંસ્થાનમાં કિશોર ચરિત્ર નિર્માણ શિબિર તા. ૬ થી ૧૩ મે ૨૦૧૮ દરમ્યાન યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાંથી ૯૫ જેટલાં આર્યવીરોએ હાજરી આપી હતી. તેઓને બ્ર. અરૂણકુમાર આર્યવીરના નેતૃત્વમાં શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણ

આપવામાં આવેલ હતું. જેમાં ભારતીય વ્યાયામ દંડ-બેઠક, આસન, સૂર્યનમસ્કાર, તરણ વગેરે ઉપરાંત દોરડા પર ચાલવું, ધનુર્વિદ્યા, શીખવવામાં આવેલ હતી. શિબિરાર્થીઓને બૌદ્ધિક પ્રશિક્ષણ દર્શનયોગ મહાવિદ્યાલય અને વાનપ્રસ્થ સાધક આશ્રમના વિદ્વાનો સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક આચાર્ય દિનેશજી, આચાર્ય ઇશ્વરાનંદજી, સ્વામી મુકતાનંદજી વગેરેએ આપેલ હતું.

શિબિરના અંતે સમાપન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં અનેક મહાનુભાવો વાલીગણ સંસ્થાના પદાધિકારીગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં શિબિરાર્થીઓને ઇનામો આપવવામાં આવેલ હતા.

**(૪) આર્યસમાજ સુરેન્દ્રનગર** દ્વારા તા. ૧૫ થી ૨૦ મે ૨૦૧૮ સુધી આર્ય સેવા દળના સ્વરૂપે પ્રશિક્ષણ શિબિર યોજવામાં આપ્યો હતો. જેમાં ૨૦૦ જેટલાં બાળકો કિશોરો અને યુવકોએ ભાગ લીધો હતો. તેઓને વિવિધ વિષયોનું પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. જેમાં મુખ્ય જવાબદારી શ્રી સત્યમજી અને શ્રી દીપકભાઇ આર્યએ સંભાળી હતી. તેઓએ ભારતીય વ્યાયામ, આસન, સૂર્યનમસ્કાર, દંડ-બેઠક, ઉપરાંત પિરામિડ, તીરંદાજી, રાઇફલ શૂટિંગ, દોરડા ઉપર ચડવું અને તેના ઉપર વિવિધ આસન કરવા, દોરડા ઉપર ચાલવું આરામથી અગ્નિમાંથી ગળકવું જેવી સાહસિકતાની પ્રેરક તાલીમ પણ આપવામાં આવેલ હતી.

શિબિર દરમ્યાન ભૂ. પૂ. ડી. જી. પી. શ્રી વણજારા, આર્યસમાજ ગાંધીધામના પ્રમુખશ્રી વાચોનિધિજી, વિશ્વ હિન્દુ પરિષદ્ સૌરાષ્ટ પ્રાન્તના અધ્યક્ષશ્રી બકુલભાઇ ખાખી, સુરેન્દ્રનગર જિલ્લાના એસ. પી. શ્રી મેઘાણી સાહેબ વગેરેના પ્રેરક વકતવ્યો રાખવામાં આવેલ હતા.

સમાપન કાર્યક્રમમાં આશરે ત્રણ કલાક સુધી ભવ્ય પ્રદર્શન રાખવામાં આવેલ હતું. જેમાં નગરજનો અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાજ્યસભાના સાંસદ શ્રી શંભુપ્રસાદજી ટુંડિયા, બકુલભાઇ ખાખી, શ્રી મહેન્દ્રસિંહ ચુડાસમા, પ્રિ. દિલીપભાઇ વજાણી, સી. યુ. શાહ યુનિ.ના ડીન શ્રી તેજસભાઇ પુજારા, પ્રા. સભાના મંત્રીશ્રી હસમુખભાઇ પરમાર વિવિધ સમાજો અને સંગઠનો પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. તેઓના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી આર્યબંધુજીએ કર્યુ હતું. વ્યવસ્થા શ્રી ચંદુભાઇ વાળાએ સંભાળી હતી.

# સ્મૃતિશેષ પં. વેદમિત્ર ઠાકોરના ધર્મપત્ની હિરાબાનો દેહવિલય




આર્યસમાજના જોશીલા અને નીડર વક્તા સ્મૃતિશેષ વેદમિત્ર ઠાકોરના ધર્મપત્ની શ્રીમતી હીરાબાનું ગત તા. ૧૩ મે ૨૦૧૮ના રોજ અંકલેશ્વર ખાતે દેહાવસાન થયું છે. તેઓનો અંતિમ સંસ્કાર પૂર્ણ વૈદિક વિધિથી ડૉ. ઉમાશંકર આર્યના માર્ગદર્શનમાં કરવામાં આવ્યો.

માતા હીરાબાનું જીવન આર્યસમાજની સેવામાં વ્યતીત થયું છે. તેઓના સહયોગથી જ શ્રી વેદમિત્રજી પ્રચાર કાર્ય કરી શકતા હતાં, પં. શ્રી વેદમિત્રજીના સાચા જીવનસંગિની હતા.

તેઓની શ્રદ્ધાંજલિ સભા તા. ૨૫ મે ના રોજ અંકલેશ્વર ખાતે તેમના સુપુત્ર શ્રી પ્રતાપસિંહના નિવાસ સ્થાને રાખવામાં આવેલ હતી. જેમાં ડૉ. ઉમાશંકર આર્ય (સુરત) શ્રી નથુભાઇ ડોડિયા (ભરૂચ), પ્રવીણભાઇ વસાવા (નેત્રંગ) શ્રી પ્રશાંતભાઇ આર્ય (અડાજણ), સ્નેહીજન, પરિવારજન વગેરે ૨૦૦ જેટલી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને યજ્ઞમાં આહુતિ આપી હતી.

આ સમયે માતાજીની પુત્રીઓએ નિયમિત યજ્ઞ કરવાનો સંકલ્પ લીધો હતો તથા પિતાજીના પુસ્તકોનું પુનઃ પ્રકાશન કરાવવા ઇચ્છા વ્યક્ત કરી હતી.

આર્ય વૈદિક દર્શનની હાર્દિક શ્રદ્ધાંજલિ.

# મહર્ષિ દયાનંદજીના વંશજ શ્રી જે. પી. રાવલનો દેહવિલય

મહર્ષિ દયાનંદ (મૂળશંકર)ના પિતાશ્રીએ પોતાના વારસદાર તરીકે પુત્રી પ્રેમબાઇને નિમેલ હતી. તેમનો (રાવલ) પરિવાર ટંકારા સ્થાયી થયેલ. તેમના પરિવારજન શ્રી જે. પી. રાવલ (જ્યંતીલાલ પ્રાણશંકર રાવલ)નું વાંકાનેર, જિ. મોરબી ખાતે તેમના નિવાસ સ્થાને દેહાવસાન થયેલ છે તેઓ ૮૨ વર્ષના હતાં.

શ્રી જે. પી. રાવલ હાઇસ્કૂલમાં આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતાં, નિવૃતિ બાદ કેટલાંક વર્ષો મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટ - ટંકારા ખાતે ઉપદેશક વિદ્યાલયમાં અંગ્રેજી શિક્ષક તરીકે માનદ્ સેવા આપી હતી.

તેઓની શ્રદ્ધાંજલિ સભામાં ટંકારા ટ્રસ્ટના ટ્રસ્ટી હસમુખભાઇ પરમાર અને આચાર્યશ્રી રામદેવ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

## આર્યાભિવિનય

तनूपाऽ अग्नेऽसि तन्वं मे पाहि। आयुर्दाऽ अग्नेऽस्यायुर्मे देहि
चर्वोदाऽ अग्नेऽसि वर्चो मे देहि। अग्ने यन्मे तन्वाऽ ऊनं तन्मऽआपृण ॥
यजुर्वेद० ३.१७॥ ३३॥

**વ્યાખ્યા :** હે સર્વરક્ષક ઇશ્વર અગ્ને! આપ અમારા શરીરના રક્ષક છો, તેથી કૃપા કરીને એ શરીરનું પાલન કરો. હે મહાવૈદ! આપ આયુ (વય) વધારનાર છો. મને સુખરૂપ શ્રેષ્ઠ આયુ આપો. મને સુખરૂપ શ્રેષ્ઠ આયુ આપો. હે અનંત વિદ્યા તેજયુક્ત! આપ વર્ચ વિદ્યાદિ તેજ અર્થાત્ યથાર્થ વિજ્ઞાન આપનાર છો, માટે અમને સદા આનંદમાં રાખો અને વિદ્યાદિ તેજ આપો. પૂર્વોક્ત શરીરાદિની રક્ષાથી અમને સદા આનંદમાં રાખો અને શરીર આદિમાં જે કંઇ ઊનમ્ન્યૂનતા હોય તેને કૃપાદષ્ટિથી સુખ અને ઐશ્વર્યની સાથે સર્વપ્રકારે આપ પરિપૂર્ણ કરો, જેથી અમને કોઇ પ્રકારના આનંદ અથવા શ્રેષ્ઠ પદાર્થની ન્યૂનતા ન રહે. હે પિતા! અમે આપના પુત્ર-સંતાન જ્યારે પૂર્ણ આનંદમાં રહીએ તેમાં જ આપની શોભા છે, કારણકે સંતાન નાની-મોટી વસ્તુ અથવા સુખ માતા-પિતા સિવાય બીજા કોની પાસેથી માગે? આપ તો અમારા સર્વશક્તિમાન પિતા છો. સર્વ ઐશ્વર્ય અને સુખ આપનારાઓમાં (આપ) પૂર્ણ છો.

BOOK-POST

**RNI Registration No. GujGuj/2015/63289**
**Posted at Rajkot - HO on 6th of every Months**
**Postal Regd. No. Rajkot / 672 / 2018-2020**

**પ્રતિ**

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL